| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૦૮/૧૦/૨૦૨૩ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૫૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૩૧૪ લીટર દેશી દારૂ, ૭૬૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૫૮૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૫૮ બિયર ટીન, ૦૬ કાર અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૬૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૬૧/૨૦૨૩

**શહેરકોટડાઃ** સ્નેહલકુમાર કાળીદાસ પટેલ (ઉ.વ.૪૧)(રહે.પાયસ ફ્લેટ, નવરોજીહોલ પાછળ, ડફનાળા રોડ, શાહીબાગ) એ તા.૦૭/૧૦/૨૦૨૩ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૨૨ થી તા.૨૦/૦૧/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન મેમ્કો પ્રેમનગર રોડ ખાતે આવેલ “પટેલ એસ્ટેટ”મા શેડ નં-૦૯-૧૦ ખાતે આરોપી જેમારામ ઉર્ફે જીતુ મેઘારામ પટેલ (રહે.કામેશ્વર પાર્ક સોસાયટી, શિલ્પા મેડીકલની બાજુમાં, હિરાવાડી રોડ, બાપુનગર) એ સ્નેહલકુમાર પટેલને વિશ્વાસમાં લઇ રૂપિયા ૧૦,૩૧,૯૬૨/- મુખવાસનો માલ ખરીદ કરી માલના રૂપિયા આજદિન સુધી નહી ચુકવી સ્નેહલકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૬૬૨/૨૦૨૩

**ચાંદખેડાઃ** મેહુલભાઇ કીર્તીભાઇ વાગડોદીયા (રહે.શિવશક્તિનગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે તા.૦૭/૧૦/૨૦૨૩ કલાક ૨/૦૦ થી સવારના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૯૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૬૩/૨૦૨૩**

**કૃષ્ણનગરઃ** (૧) પ્રીન્સા ઉર્ફે કરિશ્માબહેન રાજેશભાઈ ગાડે (ઉ.વ.૧૯)(રહે.ખોડિયાર જ્યોત સોસાયટી ગાયત્રી સોસાયટીની બાજુમાં સૈજપુર બોઘા) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૩ રાતના ૮/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.ચાવડા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** (૨) શેલેન્દ્રસિંહ રમેશસિંહ કછુઆ (ઉ.વ.૪૦)(રહે.ભૂમિપાર્ક સોસાયટી, વસુંધરા પાર્ક સોસાયટીની બાજુમાં પાર્શ્વનાથ કેનાલ રોડ, કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૩ કલાક ૭/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અશ્વિનભાઈ રામજીભાઈ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** (૩) વિપિનસિંહ આઝાદસિંહ નેગી (ઉ.વ.૩૦)(રહે.બીજો માળ રોઝવિલા સ્કાય કોમ્પ્લેક્ષ નિકોલ નરોડા મૂળ વતનઃ- ગામઃ મજુર ચંબા, ટિહરી ગઢવાલ રાજ્યઃ-ઉત્તરાખંડ) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૩ બપોરના ૩/૧૫ વાગ્યા પહેલા રોજવિલ સ્કાય કોમ્પ્લેક્ષ બીજો માળ દુકાન નંબરઃ- એ/૨૨૯ ખાતે સીલીંગ ઉપર લાગેલ ફાયર સેફટી પાઈપ સાથે બેલ્ટ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

**રામોલઃ** ગીતાબહેન વા/ઓ ભરતભાઇ પંચાલ (ઉ.વ.૫૫)(રહે,હરજીપાર્ક સોસાયટી અયોધ્યાપાર્ક સામે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૯/૨૦૨૩ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૬/૧૦/૨૦૨૩ રાતના ૧૦/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

**નારોલઃ** નરેન્દ્રસિંહ ભીખુસિંહ ઝાલા (ઉ.વ.૨૧)(રહે.અમરદેવ રો-હાઉસ, દરબાર વાસ, મોમાઇ પાન પાર્લરની બાજુમાં, પીપળજ ગામ, નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૩ રાતના ૮/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી